રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

સ્વપ્ન પણ કેવું બરોબર નીકળ્યું,
મારા ઘર સામે સરોવર નીકળ્યું !
શ્વાસ છે તો શિર પર આકાશ છે,
કેટલું કૌતુક મનોહર નીકળ્યું !
પુત્ર હીના જેવી દુનિયા એટલે,
આજ પણ મીઠું ઘરોઘર નીકળ્યું !
કલ્પના વચ્ચે ન જાણે શું હશે?
અર્થ વચ્ચે તો અગોચર નીકળ્યું !
જિંદગીના બોજને ઊંચકી લીધો,
હા, મરણ સાચું સહોદર નીકળ્યું !

- શ્યામ સાધુ

પાથેય

મનોહર કૌતુક...

અવની ઉપર અચરજો અપરંપાર છે.એ વિસ્મયને પામવું આસાન નથી.માણસ? ધારે છે કંઈક અલગ અને ઈશ્વર આપે છે કંઈક જુદું ! આખરે તો ધાર્યું ધણીનું થાય છે.આવી વાસ્તવિકતા હોવા છતાં આપણે સહુ ધારણાના સહારે જીવતા રહીએ છીએ.માણસને કલ્પના કરવાનો અધિકાર ના હોત તો ? સપનાંની આખી વાત જ પોકળ પુરવાર થઈ હોત ! અણગમતું રોજ સામે ચાલીને મળતું હોય એવા જગતમાં આપણી ધારણા મુજબ જ કશુંક મળી જાય તો એનો હરખ જ જુદો હોય છે.આપણે ભરપૂર જળવૈભવની કલ્પના કરીએ અને આપણા ઘરની સામે જ આખેઆખું સરોવર ઉભરાઈ જાય તો ? કવિ આવી સુંદર કલ્પના કરી અશક્ય લાગતી બાબતે રોમાંચની અનુભૂતિ કરાવે છે! માણસ જીવતો હોય એનામાં ચૈતન્ય હોય તો જ એની આસપાસની નિર્જીવ સૃષ્ટિ જીવંત બનીને ધબકતી હોય છે.આપણે એ ભૂલી જઈએ છીએ કે ઉપર? ઝળુબતું આકાશ હંમેશાં અવનવા રંગો સાથે સતત ધબકતું હોય છે.જિંદગી આમ જોઈએ તો શ્વાસોશ્વાસની રમત છે.એ છે ત્યાં સુધી આ કૌતુક આપણી રોટીની જિંદગીનો રૂટીન હિસ્સો બની જાય છે.શ્વાસ અટકે ત્યારે જ ખબર પડે છે કે? દરરોજ? ધબકતું આકાશ સ્વયં કેટલું મોટું કૌતુક હતું !આયુષ્ય જેમ ક્ષણમાં સમાયેલું હોય છે એમ સૌંદર્ય પણ એક એક કણમાં વસેલું હોય છે.આપણી જિંદગી વાસ્તવ અને કલ્પના વચ્ચે સતત કશ્મકશ કરતી રહે છે.

મહાનગરની વ્યાપક ભીડમાંથી છટકી ગામમાં લટાર મારી જોયું તો..જનજીવન વધારે ચુસ્ત લાગ્યું..શહેરની સડકો ઉપર વિનાકારણ ઉભરાતા માણસો કાંટાળા લાગે છે.. ગામની ગલીઓમાં એ ગોઠવાયેલા ગુલદસ્તા જેવા લાગે છે..મુળભુત રીતે માણસ દેહાતી હાડ ધરાવતો હોય છે..નગરનું નમણું લાગતું આવરણ તકલાદી હોય છે..વગડો..સીમ કે સીમાડો આપણા મનોપટની સ્વાભાવિક માવજત જેવા હોય છે...એમાં શહેરની બરછટતા અનાયાસ ઉપસી આવતી હોય છે..શહેરની ભીડ માણસને સદતી નથી.. ગામડાનો ગોકીરો માણસને ગૌરવ આપે છે..ખેતરનો શેઢો કે ભીનો ચાસ એ સીમના સહેવાસ જેવાં હોય છે.. શહેર એક સ્વપ્ન છે એમાં વગડાનું વાસ્તવ નથી હોતું..સ્વપ્ન તૂટતું હોય છે..વાસ્તવ તમને મજબુતી આપે છે.

અમારા ગામમાં નિજાનંદમાં મસ્ત એવા ભગતબા રહેતા.. એ વહેલી સવારે ઉઠી સેવાપૂજાનું કામ કરતા..એમાં કયાંય અજંપો કે ઉતાવળ ના રહેતી...નિજાનંદ એ એમનો સહજ આવિર્ભાવ રહેતો...એમાંથી એક સમતોલ જીવનદ્રષ્ટિ ઉભરતી જે એમના ભજનો કે સત્સંગમાં પ્રતિબિંબિત થતી અને લોકોને સાત્વિક આનંદ આપતી.."હશે ત્યારે" કોઈપણ કુદરતી ઘટના માટે એમનું આવું આશ્વાસન રહેતું..

ભગતબાનું જીવન નાની પગદંડી જેવું હતુ જેમાં એકસ્પ્રેસ હાઈવેની ધમાલ ન હતી પણ નેળિયાનું નિતાંત આગવું સૌંદર્ય એમાં ઉપસતું..જેના થકી જીવનની અવનવી દિશાઓ ઉઘડતી લાગતી..માણસ જયારે મોટી વાતોને કોરાણે મૂકી નાના પ્રસંગોને આત્મસાત કરે છે ત્યારે નાની નાની અનેક વિરાસતોનો વૈભવ એમાંથી આપમેળે છલકાઈ જતો હોય છે....અને આ છલકતો વૈભવ એ જ આપણી જિંદગીનો એક મોંઘેરો ઉપહાર હોય છે...

એનડીએ વિરુધ્ધ ઈન્ડિયા : ૨૦૨૪માં કયુ ગઠબંધન જીતશે?

રજળપાટ
અજય ઉપાધ્યાય

૧૫ મે ૧૯૯૮. કોંગ્રેસને હરાવવા માટે અટલબિહારી વાજપાઈના નેતૃત્વમાં જુદી જુદી ૨૪ પાર્ટી સાથે આવી અને કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લીધી. એ ૨૪ પાર્ટીએ પોતાના ગઠબંધનનું નામ રાખ્યું એનડીએ.. બોલે તો નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ મતલબ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન..!!! કટ ટુ ૨૦૨૩. વહી ધનુષ વહી બાણની જેમ સત્તાધીન એનડીએ – મતલબ ભાજપ આગેવાનીવાળા મોરચાને ૨૦૨૪ની ચૂંટણીઓમાં ધોબીપછાડ આપવા માટે એક મોરચો આકાર લઈ રહ્યો છે જેનું નામ છે ‘ ઈન્ડિયા ‘- ઈન્ડિયા..!!! હવે જેમ એનડીએ નું ફૂલ ફોર્મ છે એમ આનું પણ ફૂલ ફોર્મ છે ‘ ઈંડિયન નેશનલ ડેમોક્રેટિક ઈકલુસીવ એલાયન્સ ‘ બોલે તો “ ભારતીય રાષ્ટ્રીય લોકતાંત્રિક સમાવેશી ગઠબંધન “ ..!!! યસ જો કટ્ટર રાષ્ટ્રવાદી ગણાતા ભાજપને હરાવવું હોય તો સ્વાભાવિકપણે અને એટલીસ્ટ ગઠબંધનના નામમાં તો રાષ્ટ્ર, લોકતંત્ર જેવા શબ્દો તો રાખવા જ પડે ને..!!! તો સાહિબાન.. કદરદાન.. હાજર છે ૨૦૨૪માં ભાજપ અને એનડીએ ને કરારી હાર આપવાના મનસૂબા સાથે અત્યારે ૨૬ પાર્ટીઓનું બનેલું ગઠબંધન – ઈન્ડિયા..!!!!!!

આ કાઈ પહેલીવાર નથી કે ભારતીય રાજનીતિમાં કોઈ ગઠબંધન આકાર લઈ રહ્યું હોય. ઈવન આગળ વાત કરી એ ૧૯૯૮ પહેલા પણ નેશનલ ફ્રન્ટ, જનતાદળ અને યુનાઈટેડ ફ્રન્ટ ના નામે ગઠબંધનો બનેલા.. એમની સરકારો પણ બનેલી અને સરકારો પડેલી પણ ખરી. પરંતુ ૧૯૯૮ પછીથી લગભગ ‘ એનડીએ ‘ અને ‘ યુપીએ ‘ આ બે જ ગઠબંધન એક યા બીજી રીતે ચર્ચામાં રહ્યા છે. યુપીએ મતલબ કે ‘ યુનાઈટેડ પ્રોગ્રેસીવ એલાયન્સ ‘ ની વાત કરીએ તો ૨૦૦૪ ની ચૂંટણીમાં એનડીએ ની હાર થઈ અને ૧૪૫ સીટો સાથે કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બની પણ એ ભાજપથી માત્ર સાત સીટો જ વધારે હતી કોઈની સ્પષ્ટ બહુમતી નહોતી એવામાં ભાજપ યાની કી એનડીએ ફરી સરકાર બનાવી ના શકે એટલા માટે સીપીએમ ના હરકીશનના પ્રયત્નોથી યુપીએ અસ્તિત્વમાં આવી એટલું જ નહીં પણ કોમન મિનિમમ પ્રોગ્રામ બનાવીને સત્તામાં પણ આવી. મનમોહનસિંહ વડાપ્રધાન બન્યા અને પવાર, લાલુ, પાસવાન, શોરેન વગેરે સાથી પક્ષોના સભ્યો મંત્રી બન્યા. જો કે સમયાંતરે કેસીઆર, એમડીમકે, લેફ્ટ પાર્ટી વગેરે જુદા થતાં ગયા પણ ૨૦૦૯ની ચૂંટણીમાં કોંગ્રેસે સારું પ્રદર્શન કરીને પોતાની સીટો વધારી પણ એકલા હાથે સત્તા મળી શકે એમ ના હોવાથી ટીએમસી, ડીએમકે જેવાને સરકારમાં રાખીને અને સપા, બસપા. આરજેડી જેવાના બહારના ટેકા સાથે યુપીએ-૨ ની સરકાર બની.

પણ ૨૦૧૪ કોંગ્રેસ માટે કઈક અલગ ખરાબ સમય લઈને આવેલું. મનમોહન સરકાર પર લાગેલા એક પછી એક ભ્રષ્ટાચારના આરોપો અને ગુજરાતમાં તેમજ દેશમાં મોદીની વધતી જતી લોકપ્રિયતા વચ્ચે ૨૦૧૪ ની ચૂંટણીમાં કોંગ્રેસે કારકિર્દીનું સૌથી ખરાબ પ્રદર્શન કરીને માત્ર ૪૪ સીટો જ જીતી. મોદીના નેતૃત્વમાં એનડીએ ની સરકાર બની જે ૨૦૧૯ માં પણ ફરીથી સત્તારૂઢ થઈ. આમ જોવા જાવ તો એનડીએ વિરુધ્ધ યુપીએ ના આ જંગમાં ટેક્નિકલી ૨૦૧૪માં જ કોંગ્રેસ અને યુપીએ નો સફાયો કે ધ એન્ડ થઈ ગયેલો છે એમ કહી શકાય પરંતુ ૨૦૨૪ની ચૂંટણીમાં એ જ કોંગ્રેસ અને યુપીએ માટે હવે ‘ કરો યા મરો ‘ ની સ્થિતિ આવી ગઈ છે. અને કોંગ્રેસની સાથે સાથે એક સમયે કદાવર અને ઈમ્પોર્ટન્ટ ગણાતા વિપક્ષો માટે પણ એ જ કપરો સમય છે. જો ૨૦૨૪માં પોતપોતાની વધીઘટી પણ આબરૂ કે મહતા સાચવવી હશે તો ૨૦૨૪માં સારું પ્રદર્શન કરવું પડશે એ મમતા, સોનિયા, પવારથી લઈને લાલુ અને નીતિશ બધા જાણે છે. સાથે સાથે એ પણ જાણે છે કે એકલે હાથે મોદીનો મુકાબલો શક્ય નથી જ કેમકે ૨૦૧૯ની ચૂંટણી હજુ આ લોકો ભૂલી શક્યા નથી જ અને એટલે જ ઈન્ડિયાના નામે ઓર એક પ્રયાસ થઈ રહ્યો છે મોદી અને એનડીએ ને હંફાવવાનો..!!!!!

યાદ રહે અહી ‘ હંફાવવાનો ‘ લખ્યું છે ‘ હરાવવાનો ‘ નહીં, અને એનું મોટું અને મહત્વનું કારણ એ છે કે ‘ ઈન્ડિયા ‘ નામે એકઠા થયેલા આ વિરોધિપક્ષોમાં હજુ જોઈએ એટલો વિશ્વાસ, સંપ કે મોદીને હરવવાની તત્પરતા ઓછી દેખાય છે એની સામે એટલીસ્ટ હાલ પૂરતું તો બધા જ ‘ હમ સબ સાથ હૈ ‘ એવા નારા લગાવી રહ્યા છે પણ અંદરખાને તો કોણ વધુ ફાયદો લઈ શકે એમ છે થી લઈને અમને શું ફાયદો થવાનો એવા સવાલો તો કરી જ રહ્યા છે. બેંગલોર બેઠકમાં ગઠબંધનને નવું નામ ‘ ઈન્ડિયા ‘ તો મળી ગયું પણ ૨૦૨૪માં મોદી સામે કોણ ? એ પ્રશ્ન હજુ અનુત્તર છે અને એનો જવાબ શોધવામાં ને શોધવામાં ક્યાંક ચૂંટણી ના આવી જાય એવું લાગે છે. ‘ઈન્ડિયા’ ની નેક્સ્ટ બેઠક મુંબઈમાં મળવાની છે પણ ક્યારે એ હજુ નક્કી નથી થયું. તો સાથે સાથે એ પણ નક્કી નથી થયું કે સીટોની વહેચણી કેવી રીતે થશે ? બેંગલોર બેઠક પછીની પત્રકાર પરિષદમાં લાલુ, તેજશવી, નીતિશ ગેરહાજર હતા. આ પહેલા પટણામાં મળેલી બેઠક પછીની પત્રકાર પરિષદમાં કેજરીવાલ ગેરહાજર હતા. એક વાત તો સત્ય છે કે મોદીને હરાવીને સત્તા હાંસિલ કરવાની મજબૂરીમાં એકઠા થયેલા આ બધા જ પક્ષોના લોકો કોઈને કોઈ સમયે એકબીજા વિરુધ્ધ દૂષપ્રચાર કરી ચૂક્યા છે. જો કે રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન કે દોસ્ત નથી હોતું એ હમણાં જ મહારાષ્ટ્રમાં થયેલા એનસીપી પ્રકરણ પછી સ્પષ્ટ જ છે.

એનડીએના આગામી ચૂંટણીના ચહેરા તરીકે મોદી નક્કી છે એવામાં ‘ ઈન્ડિયા ‘ ને લીડ કોણ કરશે કે એનો ચહેરો કોણ હશે એ હજુ નક્કી નથી કેમકે વડાપ્રધાન પદના નીતિશ, પવાર, કેજરીવાલ, મમતા, રાહુલ જેવા અનેક દાવેદારો છે અને આમાંથી મોટાભાગના વડાપ્રધાન થવાની મંશા જાહેર કરી પણ ચૂક્યા છે એટલે બાકીની બધી બાબતો ક્લિયર થાય એના કરતાં પણ વડાપ્રધાનનો ચહેરો કોણ હશે એ જાણવું રસપ્રદ બની રહેશે કેમકે એ જ ચહેરાને લઈને ‘ ઈન્ડિયા ‘ ચૂંટણીજંગમાં મોદીનો મુકાબલો કરવા ઉતરશે. જો કે સોનિયા, મમતા અને રાહુલ ઓલરેડી ગઠબંધનનું નેતૃત્વ નહીં કરીએ એમ જાહેર કરી ચૂક્યા છે અને આમ પણ જો આ સંઘ કાશી પહોંચે તો પણ સૌથી વધુ નુકશાન કોંગ્રેસને ભાગે જ આવવાનું એ નક્કી છે કેમકે સીટોની વહેચણીમાં સૌથી જુના પક્ષ તરીકે સ્વાભાવિકપણે કોંગ્રેસે પોતાની પરંપરાગત સીટો ગઠબંધનના સાથી પક્ષને આપવી પડશે. મમતાએ ઓલરેડી કહી દીધું છે કે કોંગ્રેસ જ્યાં મજબૂત છે ત્યાં જ લડે બાકીની સીટો પર બીજા પક્ષોને મદદ કરે. સ્વાભાવિક છે કે જે રાજ્યોમાં કોંગ્રેસ સિવાયની સરકાર છે એ રાજ્યોમાં કોંગ્રેસે મૂક પ્રેક્ષક જ બની રહેવું પડશે અને એવા રાજ્યોમાં બંગાળ, દિલ્હી, પંજાબ, બિહાર જેવા મોટા રાજ્યો સામેલ છે અને એટલે જ હાલ કેજરીવાલ અને નીતિશ ગઠબંધનના લીડર તરીકેની રેસમાં આગળ છે. એક શક્યતા એ પણ છે કે આ બધા જ પક્ષો ૨૦૨૪ માં અલગ અલગ પણ એકબીજા સામે નહીં એમ ચૂંટણી લડે અને પછી જો પરિણામ એમની તરફેણમાં આવે તો અગાઉની જેમ ગઠબંધનના નામે એકઠા થઈને સત્તા સંભાળી શકે છે. લોકશાહીમાં મજબૂત વિરોધપક્ષ હોવો જરૂરી છે અને અત્યારે તો ‘ ઈન્ડિયા ‘ ‘ ભારત ‘ ને ચેલેન્જ આપવાના મૂડમાં અને ઉત્સાહમાં હોય એવું દેખાઈ રહ્યું છે પણ ચૂંટણીને હજુ ૮-૯ મહિનાની વાર છે અને ત્યાં સુધી આ ઉત્સાહ કાયમ રહે એ જોવું રસપ્રદ રહેશે તો સામે છેડે એનડીએ બોલે તો ભાજપ પણ સત્તા બચાવવા શું કરશે એ જોવું પણ રસપ્રદ રહેશે. જે હોય તે પણ જો આમ જ રહ્યું તો ૨૦૨૪માં ગઠબંધનોનો એક રસપ્રદ ચૂંટણીજંગ જોવા મળશે એ નક્કી છે.

- akurjt@gmail.com

પ્રિ-વેડીંગ પ્રશ્નોની માયાજાળ...

નાથાલાલ મનમાં દુર્ગાના એ મહાવાક્યને સમજવા મથી રહ્યા હતા. દુર્ગાએ કહ્યું હતું,’.....આઈ પ્રપોઝ,...’ રોજ ઘાસ ખાતું સસલું નવાસવા બિસ્કીટ ખાઈને કુદાકુદ કરે એમ એમનું મન કુદાકુદ કરતું હતું. પે’લી તરફ દુર્ગા તો હળવીફૂલ થઈને ઉડતી હોય એવી લાગતી

હતી. બંનેમાંથી એકેયને ખબર નહોતી કે હવે શું કરવું. ઘણી વખત આનંદના આવા એટેકની પરિસ્થિતિમાં માણસ શૂન્યમનસ્ક થઈ જતો હોય છે. એવું નહોતું કે બન્નેમાંથી એકેયને લગ્નનો અનુભવ નહોતો. પણ મુંઝવણ અને આનંદ માવઠાની હતી. અપેક્ષા નહોતી એવા કમોસમી વરસાદે આનંદને સમજવાની તાકાત છીનવી લીધી હતી.

નાથાલાલ બહુ મહેનત કરે તો જ બાઘા ના લાગે એવો એમનો અતિ સામાન્ય દેખાવ હતો. લીટીવાળા શર્ટ પહેરે, મેચીંગ વગરના પેંટ હોય, ફાંદને કારણે કોઈ નિષ્ફળ લેખકની જેમ હસ્યા કરે ત્યારે હાસ્યાસ્પદ લાગતા.

ઘરમાં અચાનક જ પ્રસંગમાં પ્રસંગ આવી પડ્યો હતો. નાથાલાલે ગઈકાલે સાંજે જ સોસાયટીવાળા બે ત્રણ ચૌદશિયાઓને વાત કરવા પ્રયત્ન કર્યો હતો.

એમણે કહ્યું, " મારો નટુ મારા કહ્યામાં નથી, એટલે મને એના લગ્ન માટે એટલો બધો ઉત્સાહ નથી.." તરત જ પ્રોફેસર જરાશંકરે કહ્યું, ’આમાં ઉત્સાહની જરૂર જ નથી હોતી. આવડત હોવી જોઈએ.. બેન્ડવાળાઓને બધા જ લગ્નમાં ઉત્સાહ ક્યાંથી આવે ! પણ આવડત કહેતાં સ્કીલને કારણે એ લોકો દરેક લગ્નને ગજાવી મુકે છે, એટલે તમે એવું મનમાં ઓછું ના લાવશો.. અમે છીએ ને ! ચિંતા ના કરશો, વરરાજા વરરાજાની જગાએ ! આપણે તો માહોલ બનાવવાનો હોય છે. એ તો અમે લોકો સંભાળી લઈશું ! તમે ચિંતા ના કરશો.. !!’

નાથાલાલ હવે ઘેર આવ્યા ત્યારે સાંજ પડવા આવી હતી, રાત્રે સોસાયટીમાં જઈને બધી વાત કરવી કે શું કરવું એનો વિચાર કરતા હતા. ત્યાં દુર્ગા આવી.

દુર્ગાના મનમાં અને શરીરમાં ભારે ઉત્સાહ જણાતો હતો. ઉંમર અને મુખાકૃતિને લીધે એ પરાણે સારી લાગતી. લઘરવઘર આંખો, મેંશ આંજી હોય એવા કાળા ટપકાંવાળો પંજાબી ડ્રેસ અને ખાલીપાથી ઝાંખા થઈ ગયેલા ચહેરા પર છાંટેલા પાવડરના લપેડા. નાટકમાં જો મહિલા વિદૂષક હોય તો આવી લાગે.

બન્ને જણ તૈયાર થઈને મગનલાલને ત્યાં જવાનું વિચારતા હતા. મુંઝવણ અને આનંદના સંમિશ્રણને સાચવીને નાથાલાલે આવીને કહ્યું, ’દુર્ગા, તને આવો વિચાર કેવી રીતે આવ્યો ! કે આપણે બે આમ આ ઉંમરે જોડાઈ જઈએ ...!! ’ નાથાલાલને એમ હતું કે દુર્ગા થોડી રોમેન્ટીક થશે, જે રીતે એણે વગર ગુલાબે નાટકીય ઢબે કહેલું કે ’આઈ પ્રપોઝપ એવું જ કંઈક બોલશે.’

પણ દુર્ગાએ કહ્યું, ’સીમ્પલ, હું એકલી હતી, મારી બેન અનેકવાર કહેતી, તારા બનેવીમાં બુધ્ધિ નથી ! ! વગેરે વગેરે.. મને પણ લાગ્યા કરતું હતું કે તમારામાં બુધ્ધિ ઓછી હોય તો જ તમે મારી બેન સાથે આટલું ટકી શક્યા હોવ. એટલે મને લાગ્યું કે મુર્ખા બનવા માટે પણ હજી મોંડું નથી થયું, બીજું તમે આ સોસાયટીમાં રહેવા આવ્યા ત્યારથી જ મને લાગતું હતું કે તમારામાં કોઈ તો ખામી હોવી જ જોઈએ જેથી તમને અહીં રહેવા આવવાની ઈચ્છા થઈ આવી. ત્રીજું, મને મુર્ખ પુરુષ ખુબ જ ગમતા હોય છે કારણ આવા પુરુષો સાથે જીવવામાં તમારે ખાસ બુધ્ધિ ચલાવવી પડતી નથી..’

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

નાથાલાલને એમ લાગ્યું કે નટુ વધું બુધ્ધિશાળી નીકળ્યો. એ પોતાના બાપને એક પ્રકારના મીઠાસ્વપ્નમાં જગાડીને જતો રહ્યો. હવે સ્વપ્ન અધુરું રહેશે કે શું થશે ખબર નથી !!

એણે કહ્યું, ’ચાલ, આપણે જઈ આવીએ, પ્રમુખ મગનલાલને ત્યાં !! એમની માન્યતા મળે એટલે સમાજની માન્યતા મળી કહેવાય !’ દુર્ગાને ખબર હતી કે બીજા લગ્નમાં કોઈની માન્યતાની જરુર નથી હોતી. આ જગતમાં બીજા લગ્ન કરનાર કોઈ મુર્ખ માણસે કોઈ સમારંભ કે જમણાવાર રાખેલો નથી હોતો. પણ આ સોસાયટીવાળાઓ એવા છે કે જો એમને નાથાલાલ પાર્ટી ના આપે તો એ મુર્ખ બની જાય. અને જીવવાનું ભારે પડી જાય.. કદાચ પહેલીવાર કોઈ છોકરાએ એના બાપાને આવી રીતે પરણાવવા માટે તમ્મો ગોઠવ્યો હોય અને બાપા આનંદને બદલે મુંઝાયેલા ફરતા હોય..

બન્ને જણ મગનલાલને ઘેર પહોંચ્યા. મગનલાલ એ એમના ચોળાયેલા મોંના મેચીંગમાં ચોળાયેલો ઝભ્ભો પહેરી બેઠા હતા. થોડી વાર પહેલાં જ નાથાલાલના ત્યાં લગ્નમાં ’પ્રી-વેડીંગ’ પ્રસંગોમાં શું પહેરવું અને હસ્તમેળાપ વખતે શું પહેરવું એ અંગે એમની પત્ની સાથે બોલાચાલી થઈ હતી !

’આવો, નાથાલાલ ! ’ એમણે ધન્યતાનો ભાવ લાવીને દુર્ગા અને નાથાલાલને આવકાર્યા. એમનાં પત્ની ’આ અત્યારે ક્યાં આવી ગયાં’ના ભાવ સાથે પાણીનો પ્યાલો લઈને આવ્યા.

નાથાલાલને નવા જ પ્રકારની લાગણી થતી હતી. એના મનમાં એ મુંઝવણ નથી કે દુર્ગાને લઈને ’હનીમુન’ને બદલે ’હનીમાર્સ’ (કારણ હવે મુન ઉપર તો માણસ અને ચંદ્રયાનો વારંવાર જશે, એટલે આવા મંગલપ્રસંગો તો મંગળ ગ્રહ ઉપર જ ઉજવવા જોઈએ.) માટે ક્યાં લઈ જઈશું. આવું અનધિકૃત મૌન સાંભળીને મગનલાલે સોસાયટીના પ્રમુખ તરીકે જાતને સંભાળી, પોઝીશન લીધી અને કહ્યું, ’નાથાલાલ, અમને થાય છે કે તમારો ભાર થોડો ઓછો કરીએ.. અત્યારે તમારે ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડતો હશે. તમારો નટુ પણ બહુ લવલી છોકરો છે, એને વરઘોડા વિશે જાતજાતના વિચારો આવતા હશે.. કંઈ વાંધો નહિ.. આપણે બધાનો ઉપાય કરીશું !!’ નાથાલાલને બહુ બોલવાની ઈચ્છા થઈ આવી. એમને એમ થયું કે આ મુરખના સરદારને કહી દઉં.. ’કે હવે, લગ્ન બગ્ન જેવું કંઈ નથી ! બધા પોતપોતાના ઉત્સાહને મ્યાનમાં મુકીને ઘેર ઉંઘી જાય ! મારે નટુને પરણાવવાની જરૂર નથી અને મારે દુર્ગા સાથે ધામધૂમથી લગ્ન કરવા નથી....

રાષ્ટ્રવાદ ક્યારે આવશે આપણામાં ? હવે હિંદુસ્તાનનું ભાગ્ય બદલાયું છે

હિંદુસ્તાન હવે ધીમે ધીમે ફરીથી સોને કી ચિડીયા બની રહ્યું છે. આપણે ભલે જ્યોતિષશાસ્ત્રમાં કે ભાગ્યશાસ્ત્રમાં ના માનીએ પણ છેલ્લા થોડા વર્ષોથી તો મને લાગે છે કે હિંદુસ્તાનનું પણ ભાગ્ય બદલાઈ રહ્યું છે. કે જે બરબાદ થવાને આરે આવીને ઊભૂ હતું અને અચાનક એક એવી વ્યક્તિ હિંદુસ્તાનના વડાપ્રધાનનો તાજ પહેરીને આવી અને આખા દેશની તાસીર બદલી નાખી. શક્ય છે કે ૨૦૧૪ પહેલા એક શબ્દ “રાષ્ટ્રવાદ” હિંદુસ્તાનમાં બિલકુલ નહોતો બોલાતો કે નહોતો વિચારાતો. કેમ કે રાષ્ટ્રવાદના સંસ્કાર આપણને બિલકુલ આપવામાં આવ્યા જ નથી. વળી પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચ અભ્યાસ સુધીના તમામ અભ્યાસક્રમોમાં પણ આ “રાષ્ટ્રવાદ” શબ્દ ગાયબ રહ્યો છે. આપણને સૌને ઈતિહાસમાં માત્ર બાબર, હૂમાયું, ઔરંગઝેબ, અકબર, સલીમ (અનારકલી) અલાઉદ્દિન ખીલજી, ટીપુ સુલતાન, રઝિયા સુલતાન, જહાંગીર, શાહજહા, આવા બધા લૂટેરાઓ આક્રાંતાઓ વિશે જ જાણીએ છીએ. કેમ કે આપણને આ બધાનો જ ઈતિહાસ ભણાવવામાં આવ્યો છે. બાકી આ બધા કોઈ મહાન રાજાઓ નહોતા, કોઈ સમ્રાટ કે ચક્રવર્તી નહોતા. કોઈએ સમગ્ર હિંદુસ્તાન ઉપર ક્યારેય રાજ નથી કર્યું. અને જો કર્યું હોય તો શું હિંદુસ્તાનમાં એકેય મંદિર સલામત રહે ખરું ? હા, નાના મોટા વિસ્તારોના રાજાઓને હરાવીને તેઓએ આતંક ફેલાવીને પ્રજાને લૂંટી છે. બધાના ધર્મ ભ્રષ્ટ કર્યા છે. અને આ લૂંટારાઓને મહાન સમ્રાટો બનાવીને આપણા લાલચી ઈતિહાસકારોએ, કમ્યુનિષ્ટોએ આપણને સીતેર વર્ષ સુધી “રાષ્ટ્રવાદ” થી વિમુખ રાખ્યા છે. પરંતુ હવે હિંદુસ્તાનનું ભાગ્ય બદલાયું છે. હવે સૌ સાચા હિંદુસ્તાનીઓના દિલમાં “રાષ્ટ્રવાદ” ને જ્યોત ઝળહળતી થઈ ચૂકી છે.

મિત્રો, આપણે આજ સુધી રાષ્ટ્ર પ્રત્યે સહેજેય ગંભીર નહોતા, આપણે એવું કદીએ વિચાર્યું જ નહોતું કે આપણા રાષ્ટ્ર ઉપર ફરીથી મુગલરાજ આવી જાય તો ? આપણે તો સૌ એવું માનીને જીવી રહ્યા હતા કે ૧૯૪૭માં આપણે આઝાદ થઈ ગયા એટલે જંગ જીત્યા. પણ ખરેખર તો સાચી જંગ ૧૯૪૭થી આપણી સાથે ખેલાવાની શરું થઈ ગયેલી. અને ૭૦ વર્ષ સુધી આ આંતરિક જંગ એના અંતિમ તબક્કે પહોંચી ચૂકી હતી. જો હવે વધુ ૨૦ વર્ષ એ ચાલી હોત તો હિંદુસ્તાન બીજુ પાકિસ્તાન કે અફઘાનિસ્તાન બની ગયું હોત. પણ કહે છે ને કે માણસની જેમ ભૂમિના પણ સત્કર્મો હોય છે. હુંદુસ્તાની ધરતી હવે ફરીથી આક્રાંતાઓના હાથમાં નહોતી જવા ઈચ્છતી તેથી આ ધરતીના ભાગ્યમાં અચાનક કમળ ખીલી ગયું અને એની સુવાસ આખા દેશમાં ને વિશ્વમાં પ્રસરી ગઈ. એક વ્યક્તિએ આખા હિંદુસ્તાનીઓના દિલમાં “રાષ્ટ્રવાદ” નો દિપક જલાવી દીધો. અગાઉ આપણે સૌ માત્ર ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટના દિવસે જ રાષ્ટ્રને યાદ કરતા હતા. રાષ્ટ્રધ્વજ લઈને રાષ્ટ્રગીત ગાતા હતા અને પછી બીજે જ દિવસે સૌ પોતપોતાનામાં વ્યસ્ત. રાષ્ટ્રના વડા શું કરી રહ્યા છે ? રાષ્ટ્રમાં કેવા કેવા ષડયંત્રો થઈ રહ્યા છે ? આખા રાષ્ટ્રના ખૂણે ખૂણે અનેક વિદેશી વિધર્મીઓ આવીને એમના ધર્મસ્થાનોમાં છૂપાઈને બેઠા છે અને તેમની આખી યુવા પેઢીને, બાળકોને ધર્મનું જનૂની જેહાદી શિક્ષણ આપીને ગૂમરાહ કરી રહ્યા હતા. પણ કહે છે ને કે પાપ તો પાણીમાં ય પ્રગટ થાય. ખરાબ ભાવનાથી આચરેલા સત્કર્મો પણ પાપમાં પરિણમે છે.

મને એક વાત એ નથી સમજાતી કે હિંદુસ્તાનમાં સરકારી કરોડો રૂપિયાની ગ્રાન્ટ લઈને મદ્રેસાઓ ખુલતા હોય, જેમાં એમના ધર્મનું શિક્ષણ અપાતું હોય, ક્રિશ્ચીયન ચર્ચ ખુલતા હોય અને એમાં એમના ધર્મનું શિક્ષણ અપાતું હોય તો હિંદુ સંસ્કૃતિના ઠેકેદારો, આગેવાનો શું કરે છે ? તેઓએ કેમ કોઈ હિંદુ સંસ્કૃતિનું, ધર્મનું શિક્ષણ આપતી સંસ્થાઓ નથી શરું કરી ? કે જેમાં વિદ્યાર્થીઓને બાળપણથી જ વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત,ભગવતગીતા તથા અન્ય મહાન ગ્રંથો વિશે જાણવા, સમજવા મળે. અને આવી સંસ્થાનો. સ્કૂલો, કૉલેજોને સરકારે ગ્રાન્ટ પણ આપવી જોઈએ. અન્યથા અન્ય ધાર્મિક શિક્ષણ માટે અપાતી કરોડો રૂપિયાની ગ્રાન્ટો બંધ કરવી જોઈએ.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજે ૭૫ વર્ષ પછી પહેલીવાર દેશ જાગી રહ્યો છે. એક બની રહ્યો છે. અત્યાર સુધી બહુસંખ્યકના નામે અત્યાચારો સહન કરતો રહેલો હિંદુ સમાજ હવે સમજતો થયો છે. અને આ વાત એક બે ફિલ્મો “ધ કશ્મીર ફાઈલ “ કે “ ધ કેરાલા સ્ટોરી” સમજાવી ચૂકી છે. એવું નથી કે અલ્પ સંખ્યકમાં બધા જ અલ્પ સંખ્યક જનૂની કે જેહાદીઓ છે. અનેક અલ્પ સંખ્યક સાચા હિંદુસ્તાનીઓ છે. તેઓ પણ ઈચ્છે છે કે દેશમાં શાંતિ અમન રહે. પણ તેઓ જાહેરમાં આવીને બોલી શકતા નથી. અથવા મૌન રહે છે. આવા અસંખ્ય શિક્ષિત અલ્પ સંખ્યકો સમજતા હોવા છતાંય કંઈ કરી શકતા નથી. પણ ચૂંટણી સમયે પોતાનો મત આપીને પોતાનો રાષ્ટ્રવાદ વ્યક્ત કરી દે છે. આવા રાષ્ટ્રવાદી તમામ અલ્પસંખ્યકોને સલામ છે. પણ જેમ હિંદુઓમાં અનેક સેક્યુલરો છે. તેઓ માત્ર અને માત્ર કોઈ પક્ષ કે વ્યક્તિના વિરોધમાં દેશનો વિરોધ કરે છે ત્યારે સમગ્ર માનવજાત અને રાષ્ટ્ર મુશ્કેલીમાં મૂકાય છે. જેમ ‘ધ કશ્મીર ફાઈલ’નો વિરોધ મોટેભાગે હિંદુઓ જ કરી રહ્યા હતા અને અનેક મુસ્લિમ શિક્ષિત આગેવાનો, અભિનેતાઓ એને વખાણી રહ્યા છે. કશ્મીરી પંડિતોની લાખોની સંખ્યામાં થયેલી હત્યાઓ, અચાનક રાતોરાત પોતાના વતનને, હવેલીઓને, કામ ધંધા મૂકીને કશ્મીર છોડવું પડ્યું હશે એની પીડા તો આપણને ત્યારે જ સમજ